# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=============================================================

**અખબારી યાદી** **૧૨-૦૭-૨૦૨૫**

- **ભાજપા સરકાર આદીવાસી સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલ "ડગરી" ગૌમાતાના અધિકારો છીનવી રહી છે. – મનહર પટેલ**

ભાજપા સરકાર આદીવાસીઓ પાછળ પડી ગઈ છે.પહેલા જળ-જમીન અને જંગલ છીનવ્યા,તેમના હક્ક અને અધિકારો છીનવ્યા,શાળા-દવાખાનાની સવલતો છીનવી અને હવે આદીવાસી સંસ્કૃતિ સાથે જોડાયેલ "ડગરી" ગાય માતાને દુર કરીને આદીવાસી સંસ્કૃતિ અને સમાજનુ અપમાન કરી રહી છે. મુળવાત એમ છે કે આણંદ કૃષિ યુનિવર્સિટીને આદીવાસી સમાજ અને સંસ્કૃતિ સાથે કોઇ સંબંધ નથી અને તેમના દ્વારા ગૌ-માતા "ડગરી" ને પંજીકૃત કરાવવામા આવી રહી છે. જે આદીવાસી સંસ્કૃતિ અને ધરોહરનુ અપમાન કરી તેનો અધિકાર છીનવ્યો છે જેનો કોંગ્રેસ પક્ષ વિરોધ કરે છે. અને આદીવાસી સમાજની માંગ છે કે "ડગરી" ગૌ માતાનુ પંજીકૃત આદીવાસી સમાજ સાથે જોડી કરવામા આવે.

ડગરી ગૌ માતા આદિવાસી વિસ્તારની એક આગવી ઓળખ છે અને તે માત્ર ગુજરાત જ નહીં પરંતુ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશનાં સ્થળોએ સદીઓથી રેવા - નર્મદા મૈયાની ડગરે ડગરે જોવા મળતી ગાય છે અને આથી જ સદીઓથી લોકવાયકા પ્રમાણે તે "ડગરી" તરીકે ઓળખાય છે. અમારી જાણ મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીએ પોતાના નામે ડગરી ગૌ માતાનુ રાષ્ટ્રીય કક્ષાએ પંજીકૃત કરાવેલ છે અને એવો પ્રચાર કરવામાં આવે છે કે અમારી ગૌ-માતા "ડગરી" ને તેઓએ વૈશ્વિક ઓળખ અપાવેલ છે. જે વાસ્તવિકતાથી તદ્દન વિપરિત છે, અને ગેરમાર્ગે દોરનાર છે.

આ વિષયમા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ગૌ-માતા "ડગરી" નો એક વિડીઓ બનાવવામાં આવેલ છે, તેમાં ગૌ-માતા "ડગરી"ની લગ્ન પ્રસંગે દહેજમાં આપ-લે થાય છે, ઉપરાંત તેમણે ગૌ-માતા "ડગરી" ને સંકર જાત તરીકે વર્ણવી છે, આ તદ્દન પાયા વિહોણી વાત છે. જે ગૌ-માતા "ડગરી" નું તેમજ સમગ્ર આદિવાસી સંસ્કૃતિ – સમાજ અને સભ્યતાનું અપમાન છે. ઉપરાંત આ વિડીઓમા ડગરી માતાને માત્ર ગુજરાતનાં અમુક જિલ્લા અને મધ્યપ્રદેશના વિસ્તારમાં જોવા મળે છે,તે પંણ સત્યથી વેગળી વાત છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રવકતાશ્રી મનહર પટેલ જણાવીને માંગ કરે છે કે, આદીવાસી સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલ ડગરી ગૌ માતા અંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના કોઇ વૈજ્ઞાનીકે પોતાના કે યુનિવર્સિટી નામે રાષ્ટ્રીય કક્ષાએ પંજીકૃત કરાવેલ હોય તો તે એક અપરાધ ગણી રદ કરવુ જોઇએ. અને સદીયોથી ત્રણેય રાજ્યોના સમસ્ત આદિવાસી સમાજ ડગરી ગૌ માતાને પોતાનો અંશ તરીકે સ્વીકારી તેનો ઉછેર અને સંવર્ધન કરે છે તેના નામે પંજીકૃત કરવામાં આવે.

**મનહર પટેલ**
**પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**